મનનાં ભૂત.

(એક-અંકી નાટક)

સ્વ. સૌ. બ્હેન સનતકુમારીને:

અમદાવાદમાં મ્હારા ઘરમાં એક સાંજે હું બેઠો હતો એટલામાં મ્હારા આઠ વર્ષના એક મિત્રે આવી કહ્યું: "ચલો, સનુબ્હેન આવ્યાં છે તે નાટક લઈને બા બોલાવે છે." મ્હને શા માટે બોલાવવામાં આવે છે તે સમજ્યા વગર હું ઉઠ્યો, પણ ઉઠતાં વાર લાગી; નીકળ્યો પણ રસ્તામાં મોડું થયું ને આખરે ત્યાં જઈ પહોંચ્યો ત્યારે મ્હને બોલાવનાર બ્હેને કહ્યું:

"ત્હમને કેટલી બધી વાર થઈ! આ સનુબ્હેનને ત્હમારૂં નાટક વાંચી સંભળાવવાનું હતું."

ને કોઈને ન દુભવે એવાં સૌમ્ય સનુબ્હેને પણ કહ્યું. "ખૂબ જ વાર થઈ."

"અને હવે તો એમને જવું જોઈએ."

"હા" એ સુઘડ ગૃહિણીએ કહ્યું ને પછી ઉમેર્યું: "પણ કૈં નહિ, છપાશે ત્યારે વાંચીશું."

\+ + + +

હજી તો માત્ર દશબાર દિવસનાં જ વ્હેણ વહ્યાં છે; બ્રહ્માની ક્ષણ તો અર્ધીયે પૂરી ન થાય; ઋતુ પણ હજી એની એ છે એમના એ લગભગ આખરના શબ્દોયે હજી વાસી નથી થયા; બધું યાદ કરવા આંખ મીંચવી નથી પડતી ને છતાં "કૈં નહિ, છપાશે ત્યારે વાંચીશું" કહેનાર આ છપાય છે ત્યારે વાંચી નહિ શકે...

\+ + × +

ઈશ્વર મળતો નથી ત્યારે માણસ ત્હેને ફુલો ચઢાવે છે; દૂર રહેનાર મિત્રોને જાતે મળાતું નથી તેથી ટપાલનો ઉપયોગ થાય છે; મનને આમ સંતોષવા બિચારો માણસ હરકોઈ પ્રયત્ન કરે છે. હું પણ આ વણવંચાયલું નાટક સ્વ. સૌ. બ્હેન સનતકુમારીને સમાન અર્પણ કરૂં છું.

મુંબાઈ,
૨૪ માર્ચ, ૧૯૨૫.

બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયા.

પ્રવેશ ૧.

[સ્થળ: નવનીતભાઇનો સુવાનો ઓરડો. રહવાર અઘુકડી ફુટી છે. મીનળ જાગતી સુતી છે. નવનીતભાઇ ઉભા થયા છે અને પૂણુામાં બળનો ઝાંખો દીવો સંકોરી મ્હોટો કરે છે.]

નવનીતભાઇ: પણ મ્હને એ જરા નથી ગમતુ. ત્હમે મ્હારૂં કહ્યું માનો નહિ તો ભલે; પણ......

(મીનળ બેઠી થાય છે.)

મીનળ: ના, તે હું તો મ્હારે એમ જ કરીશ.

નવ: પણ ત્હમારૂં શરીર સારૂં નથી તે ઉલટું કથળશે.

(નવનીતભાઇ પાછા આવી ખાટલા પર બેસે છે)

મીનળ: ના, ના, એવા કામમાં તો શરીર બગડે જ નહિ.

નવ: સારૂ, ડાક્ટર રજા આપે તો કરજો.

મીનળ: ના, તે ત્હમે એમ ન કરશો. હું કંઇ ડાકટરને નથી બતાવવાની. ત્હમે હરઘડી એમ કરો છો ને આખરે મ્હારે ખમવું પડે છે. તે દિવસે મ્હારા પગે જરાક અમથું દુખતું હતુ ને ત્હમે બાપુજીને પગે લાગવા જવા ન દીધી તે બપોરે જ મ્હારી નથ ખોવાઇ ગઇ. એ તો એમ થાય જ.

નવ: પણ નથને.........હશે, ત્હમારી સાથે જીદ કોણ કરે ?

મીનળ: તે ગમે એટલું થાય તો પણ ત્હમે તો નહિ જ માનો. વિનાયકભાઇના હરીદત્તને બાપુજીએ ઘણુંએ વાર્યો હતો ને છતાં ત્હેણે કાંસાના વાસણમાં પય પીધા.

નવ: પણ એ બિચારાથી ઉઠાતું ન હોય તે શું કરે ? જે હાથ આવ્યું તે વાપર્યું. ત્હને ખબર છે એ કેટલો બિમાર હતો !

મીનળ: પણ તેથી શું થયું ? તેથી કઇ કાંસાના વાસણમાં પગ ધોવાય ? પછી જોયુને એને કેવો વિષમજ્વર લાગુ પડયો એ તો સાસુજીએ કહ્યું જ હતું. ને આતો ગૃહદેવતાની વાત. વર્ષમાં એક વાર પણ આપણે ગૃહશાંતિ ન કરીયે તો......

નવ: હશે, ત્હમારે કરવું હોય તેમ કરો. મ્હારે શું ? જાવ.

(નવનીતભાઇ ચિઢાયલા હોય તેમ પાછા ઓઢીને સુઇ જાય છે. જરા વારે મીનળ ઉઠે છે ને ધીરે પગલે નવનીતભાઇના ખાટલા પાસે આવી ઉભી રહે છે. ઘડીભર તે સૂતેલા પતિને જોઇ રહે છે પછી હળવે હાથે નવનીતભાઇનું મ્હોં ખુલ્લું કરે છે. નવનીતભાઇની આંખો ઉઘડી જાય છે. બેઉની આંખો મળે છે)

નવ: પણ ત્હમે રૂઓ છો શા સારૂ ?

(નવનીતભાઇ બેઠા થાય છે ને મીનળનો હાથ ઝાલી ત્હેને ખાટલા પર બેસાડે છે.)

જુઓ, ત્હમે આમ કરશો તો તાવ ઉલટો વધારે ચઢશે. મેં ત્હમને કયાં કૈં ના કહી છે ?

(મીનળ નવનીતભાઇના ખોળામાં માથું મૂકી રોઇ પડે છે. નવનીતભાઇ ત્હેના વાંસા પર હાથ ફેરવે છે.)

મીનળ, ચાલો, ત્હમને મ્હારા સમ છે ત્હમે આમ કરો તો.

(મીનળ બેઠી થાય છે ને આંખો લૂછે છે.)

મીનળ: ના, ફરી કદી ત્હમે સમ ના ખાશો. મ્હને બહુ જ વહેમ છે.

નવ: મીનળ, પરણીને આવ્યાં ત્યારે તો ત્હમે મ્હને વહેમી કહેતાં હતાં ને હવે ત્હમે આટલાં વહેમી કયાંથી થઇ ગયાં ? ખરેખર,

કોઇ વાર તો એવો કંટાળો આવે છે. ને ત્હમે આમ હઠ લઇ રહો છો ત્યારે તો જરા સારાં નથી લાગતાં.

મીનળ: હશે.

(મીનળ ઉભી થાય છે. નવનીતભાઇ ત્હેનો હાથ પકડી બેસાડે છે.)

નવ: પણ કહો તો ખરાં ત્હમે અચાનક આમ બદલાઇ શાથી ગયાં? ત્હમે આવી ડાહી ડોશી થશો એવો તો સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો. તે આમ શાથી થયુ?

મીનળ: શાથી શું? ત્હમે કેમ બદલાયા? આપણે બધા જ બદલાઇયે છિયે.

નવ: હા, પણ હું તો સકારણ બદલાયો છું. મ્હને તો એ જૂના વિચારો ખોટા લાગ્યા.

મીનળ: ને મ્હને નવા વિચારો ખોટા લાગ્યા.

નવ: પણ મ્હને તો દુનિયામાં કૈં કૈં અનુભવો થયા હતા; પણ ત્હમને વળી અહિં અનુભવો શા થયા?

મીનળ: પોતાના જ ઘરમાં પોતાના માણસોને શા અનુભવો થાય એની પુરુષોને ખબર ન પડે એ કેટલી.........

(અટકે છે.)

નવ: શરમની વાત છે એમ ને?

મીનળ: મ્હારાથી એવું તો ન બોલાય. પણ પુરુષોને બ્હાર કેવા અનુભવો થાય છે એ છાનું રાખો છો છતાં એ જાણવા અમે પ્રયત્ન કરિયે છિયે ને ત્હમે લોક નીચે ડોકિયું કરો તો બધું જાણો છતાં એટલી પણ ફુરસદ ત્હમને નથી મળતી તે આનંદ તો ન જ થાય ને?

નવ. તે શું ત્હમને અહિં ખૂબ અનુભવો થાય છે એમ? મ્હને તો ખરેખર નવાઇ લાગે છે.

મીનળ. ત્યારે શું ત્હમે ખરેખર નથી માનતા કે ત્હમે બહાર જાવ છો પછી અહિં કૈં થતું હશે?

નવ: પણ અહિ શું થઇ શકે?

મીનળ ત્યારે શું ઘર અને ઘરના માણસોને જેમ ત્હમે મૂકી જાવ છો તેમ બધું પડયું જ રહે છે એમ?

નવ: મેં કહ્યુ કે કૈં અગત્યનુ થતું નહિ હોય. પણ ત્યારે ત્હમે એક દાખલો તો આપો.

(મીનળ ઉભી થાય છે ને સામે જાજમ પર એક પગ પર માથું ટેકવી, કળિઓ જેવી પગની આંગળીઓ સાથે રમત કરતી હોય તેમ જરા વાર ચૂપ બેસે છે. પછી)

મીનળ: જુઓ હુ કહું. એક દિવસ ખૂબ તાપ પડતો હતો એટલે હું વાડીમા ચટઇ નાખીને સૂતી હતી ત્યાં કે વિચારમા ને વિચારમાં જમીન પર મે ત્હમારૂં નામ લખ્યું ને એક કમળ ચિતર્યું.

નવ: દેવી શકુન્તલા.

(મીનળ હસતી નથી. નવનીતભાઇ હસે છે.)

મીનળ પણ એટલામાં સાસુજીએ હાંક પાડી ને હું અંદર ગઇ.

નવ: તે મીનળ, હું કયાં કહું છું કે ઘરમાં કોઈ હાલતું ચાલતું પણ નહિ હોય ને હું જાઉં ત્યારે ત્હમે દિવાનખાનામાં બેઠા હો તો આવું ત્યાં લગી ત્યાં જ બેસી રહો છો.

(મીનળ નવનીતભાઇને જોઇ રહે છે. પછી ધીરે ધીરે બોલે છે.)

મીનળ: પછી તાવ લઈ ત્હમે ઘેર વ્હેલા આવ્યા. ત્હમને યાદ છે વે શ્રાવણ વદ ચોથે

નવ: હા; ત્હમને તીથિઓ પણ ઠીક યાદ રહે છે.

મીનળ પછી ત્હમને દવા આપી હું નીચે જતી હતી એટલામાં સાસુજીએ પૂજાની ઓરડીમાંથી બૂમ પાડી. એમનો સાદ એવો હતો કે હું તો ધ્રુજી ઉઠી.

નવ: કેમ એવું શું હતુ ?

ધીમે પગલે એમની પાસે ગઈ પણ એ તો રોતાં હતાં.

મીનળ: મ્હને કહ્યું: "વહુ, દીકરા, બેસો, શંભુને પગે લાગો. ત્હમારૂં સૌભાગ્ય અચળ રાખશે."

નવ: મા તો અમસ્તાં બીધાં હશે.

મીનળ: એ તો કોણ જાણે; પણ ત્હમને તાવ સખત હતો એટલે મ્હને પણ ચિન્તા થતી હતી ને ત્હેમાં સાસુજીને રડતાં દેખી મ્હારાથી ન રહેવાયું તે મેં પણ રોઇ દીધું.

નવ પછી ?

મીનળ પછી સાસુજીએ કહ્યું: "દીકરા, આટલા વખતથી હું બધું સાંખી રહું છું પણ હવે મ્હારાથી જોયુ નથી જતું. ત્હમે બધી રીતે સારાં છો પણ ધરમમાં ત્હમને શ્રદ્ધા નથી તે આપણી કૂળલક્ષ્મી ગૂમાતી જાય છે; ને ઇશ્વર રૂઠયો છે તે હજી શું નહિ થાય તે કોણ જાણે. તે દી' વાછરડું બાંધ્યું હતું છતાં ત્હમે દોર કૂદી ગયાં તે ઘાટી સો રૂપિયા ચોરી ન્હાસી ગયો."

નવ: અને તે પકડાયો તે શાથી ! ત્હમે વાછરડું નહોતું બાંધ્યું ત્યારે ફરી દોર કૂદયાં હતાં ?

મીનળ: હા, તે તો સાસુજીએ સહસ્ત્ર જાપ કર્યા હતા.

(નવનીતભાઇ ધીરૂં ધીરૂં હસે છે.)

નવ: હં, પછી ?

મીનળ: પછી સાસુજીએ કહ્યુ કે "એવું એવું તો રોજ ઘણુંયે થાય છે પણ હું નહોતી બોલતી કે હશે હજી બાળક છે, સૌ શીખશે. પણ ત્હમને તો વિચાર સરખોયે નથી થતો ને ઘરમાં તો બધું અવળું જ થતુ જાય છે. આજે પણ ત્હમે જમીન પર લીંટીઓ દોરી ને એ તાવ લઇ ઘેર આવ્યો, તે ત્હમને તો ન લાગે પણ મ્હારો તો દિકરો છે તે મ્હને તો લાગી આવે. હવે તો ત્હમે કૈં સમજો તો સારૂં."

(મીનળ અટકી જાય છે. ત્હેની આંખોમાં આંસુ આવે છે.)

નવ: પણ મીનળ, ત્હમે રડો છો શા સારૂ ? એ બધું જ જૂઠું છે.

મીનળ: ના, એ વાત તદ્દન ખરી છે. આપણા કૂળના રિવાજો પણ હું ન્હોતી પાળતી તેથી જ ત્હમને પણ આખું વરસ સારૂં ન રહ્યું ને પગારમાં પણ વધારો ન થયો.

નવ: હશે પણ પછી માએ કૈ કહ્યું ?

મીનળ: પછી તો મેં જ કહ્યું કે મ્હારી ભૂલ થઇ ને મે સોગંદ લીધા ત્યારે એમને ટાઢક થઇ.

નવ: શું ? ત્હમે સોગદ લીધા ?

મીનળ: હા, એમાં શું ખોટુ કર્યું ?

(નવનીતભાઇ મીનળને જોઈ રહે છે.)

નવ: ખોટું નહિ તો શું ? કોઇ વાછરડાની દોર કૂદે ને તે દિવસે ધાડી ચોરી કરે એ બે વાતને જકડી દેવાની રીત હમેશ માટે

વહોરી લેવી એ શું સારૂં કર્યું ? એ બે વચ્ચે સંબંધ જ હોઇ શકે નહિ.

મીનળ: પણ ત્યારે આટલા વરસનો જૂનો ઘાટી શા માટે ચોરી કરે અને એ પણ તે જ દિવસે ?

નવ: પણ એ કૈં એનું કારણ છે ?

મીનળ: પણ બીજું કારણ ન હોય તો શાસ્ત્રો કહે તે ખરૂં.

નવ: મીનળ, ત્હમે આવાં વ્હેમી થાવ એ મ્હને જરા નથી ગમતું.

(બારીમાંથી પ્રભાતનો પ્રકાશ આવે છે. મીનળ ઉભી થાય છે ને દીવો બુઝાવે છે.)

મીનળ: અરરર, વાતવાતમાં કેટલું મોડું થઇ ગયું ! મ્હારે તો હજી બધું જ બાકી છે. ત્યારે હું જાઉં ?

(નવનીતભાઇ ઇસારાથી હા પાડે છે. મીનળ જાય છે.)

[પડદો પડે છે.]

પ્રવેશ ૨.

[સ્થળ: દિવાનખાનું. સમય: બપ્પોર. નવનીતભાઈ આમતેમ આંટા મારે છે]

નવનીત: (સ્વગત) મ્હને એમ થયાં જ કરે છે કે એને જરૂર તાવ વધી જશે. સ્હવારથી આ કીયાને પેલી કીયા કર્યાં જ કરે છે, ને આખો દિવસ ભૂખી રહી છે.

(બારીએ જાય છે. નીચે ચોક છે; ત્યાં મીનળ એક પાટલા પર બેઠી છે ને બ્રાહ્મણો ક્રિયા કરાવે છે તેમ કરે છે.

अयमग्निर्गृहपतिर्गार्हपत्यः प्रजाया वसुवित्तमः ।

अग्ने गृहपतेऽभि द्युम्नमभि सह आयच्छस्व ॥

એવા બ્રાહ્મણોના અવાજ આવે છે.

બાજુએ એક ખૂણામાં વૃદ્ધ મા બેઠાં છે નવનીતભાઇ બારીએથી મીનળને જુએ છે.)

મીનળ આજ કેટલી સુન્દર લાગે છે? કે નહિ તો કળાને ખાતર આવી ક્રિયાઓ કરાવવી જોઇએ આ જ અલંકાર અને વસ્ત્રો સામાન્ય પ્રસંગે પહેરે છે ત્યારે આટલી પવિત્ર નથી લાગતી. એનું શું કારણ? એ ક્રિયાઓનો ખરેખર આટલો મહિમા હશે? કે પછી સૈકાઓથી એમ પોષાયલી મ્હારી બુદ્ધિ હજી એ ક્રિયાઓના ગૌરવથી અંજાય છે? એમ પણ હોય તોયે એ ક્રિયાઓમાં કેટલું સત્ત્વ હોવું જોઇયે કે મ્હારા જેવા લગભગ નાસ્તિક થઇ જતા માણસને પણ આટલો મુગ્ધ કરી શકે છે?

(ઘડીભર મીનળને જોઇ રહે છે; ને પછી પાછો આવી આરામ-ખુરશી પર પડે છે)

ના, ના, આ ક્રિયાઓને સ્વીકારીએ તો શું આટલી સદીઓમાં માણસજાતિએ જે મેળવ્યું છે ત્હેને ઢોળી નાંખવું? વર્તમાન યુગની એટલી એકજ સંપત્તિ છેઃ બુદ્ધિસ્વાતંત્ર્ય. જો મનુમહાત્માની જીવન-વિધિ સાચી સ્વીકારીએ તો પછી આપણે આટલાં વર્ષો સુધી શું કર્યું? મ્હને તો કંઇ સમજ નથી પડતી

(ઉભો થાય છે. આંટા મારે છે. ને બુકકેસમાંથી એક પુસ્તક કાઢે છે. અને ઉભો ઉભો જ ત્હેનાં પાન ફેરવે છે.)

મીનળ કહેતી હતી તે આ રહ્યું:

नपादौधावयेत्कांस्ये कदाचिदपि भाजने...

ત્યારે શું આ પણ સાચું કે

ननृत्येदथवा गायेन्न वादित्राणि वादयेत्।

સંગીતની આમ મનાઇ શા માટે કરવી જોઇયે ?

(વળી પાન ફેરવે છે.)

न लङ्घयेद्वत्सतन्त्रीम्।

એ તો ઠીક; કે વાછરડું કદાચ કૂદે તો પડી જવાય. પણ આનો શો અર્થ કે

नेक्षेतोद्यन्तमादित्यं नास्तं यन्तं कदाचन ।

ઉગતા અને આથમતા રવિએ તો કેટકેટલાં રસિકોને મુગ્ધ કર્યા છે ! મ્હને લાગે છે કે મનુમહાત્મા જબરા અરસિક હતા માણુસો એશઆરામ અને ત્હેને પરિણામે આખરે પતિત થાય એવા બધા જ રસ્તાઓને એમણે એકસામટા ત્યાજ્ય કરી નાંખ્યા. નહિ તો વળી **रजसाभिलुप्तां नारी नरस्य ह्युपगच्छतः। प्रज्ञा तेजो बलं-चक्षुरायुश्चैव प्रहीयते॥** આટલું બધું કહી નાખવાનો શો અર્થ ? માત્ર આટલું જ કે આવુ કહી નાંખે તો રજસ્વલા સ્ત્રીની સામે પણ કોઇ જુએ નહિ અને બીજો કોઇ દોષ પણ થાય નહિ. તે માણુસો શુ એટલાં અસયમી થતાં હશે ખરાં કે આવા પ્રતિબધની જરુર પડે છે ? કોઇ સમાજશાસ્ત્રી આમ આપણુને હલકાં માની લે એ આપણી વર્તમાન યુગની બુદ્ધિ તો સહી પણ નથી શકતી. અને સવાલ એ છે કે માણુસ જો જાણુતો હોય કે પોતે શુદ્ધ રહી શકે છે તો શા સારૂ આવા વચનને માન આપે ?

(થોડી વાર રહી) આ બે જમાનાનો એ જ ફેર છે. સમાજને ખાતર એ લોક વ્યક્તિઓનો ભોગ આપતા. આપણે તેમ નથી કરતા ઉલ્ટૂં વ્યકતિઓને આપણે સ્વતંત્રતા આપીયે છિયે.

(બેસે છે ને વિચારમાં પડે છે.)

હા, ખરી વાત છે. સમાજ વિશુદ્ધ રહે એ માટે થોડીક વ્યક્તિઓની છૂટનો ભોગ આપવો જ પડે. અને એ પણ કદાચ સાચું હશે કે આવા નિયમોને લીધે જ સમાજનો મોટો ભાગ શુદ્ધ રહે છે. નિયમો ન હોય છતાં શુદ્ધ રહે એવા સદતર સારા માણસો અને નિયમો છતાં અશુદ્ધ જીવન ગાળ્યે જ જાય એવા સદતર ખરાબ માણસો તો થોડા જ છે. બાકીના બધાને તો નિયમો જ શુદ્ધ રાખે છે. અને આપણે ગમે એટલો પ્રમાદ કરીયે પણ જૂની સમાજવ્યવસ્થા વધારે સંતોષકારક હતી એમ તો કબૂલવુ જ પડે છે. એ શું સાચું નથી કે આટલી બધી સ્વતંત્રતા મળ્યા છતાં પણ આપણે સંસ્કૃતિમાં જરાયે આગળ નથી વધ્યા ?

(બારીએ જાય છે. નીચેથી:

नमोब्राह्मणेभ्यो राजन्येभ्यश्चवो नमोनमः सूतेभ्यो
विश्येभ्यश्च वो नमो नमस्तक्षभ्यो रथकारेभ्यश्च वो नमोनमः
कुलालेभ्यः कर्मारेभ्यश्च वो नमोनमो......

એવા મંત્રોચ્ચારો સંભળાય છે. નવનીતભાઇ તે સાંભળી રહે છે.)

જોયું ને, આ લોક સુથાર અને કુંભારોને નમસ્કાર કરતા હતા. 'સૌ લોક સમાન છે' એ આપણા સિદ્ધાન્તની પણ એ લોક આગળ ગયા ને ત્હેમને નમસ્કાર કરતા. હૃદયની કેટલી બધી ઉચ્ચ સ્થિતિ ? ખરેખર સૈકાઓના વમળમાં થઇ, હિન્દ આજે એ સમાજ વ્યવસ્થાને લીધે જ ટકી રહ્યું હોવું જોઇયે.

(થોડી વાર રહીને)

પણ લોકો આંખો મીંચી આચારવિચાર પાળે એ મ્હને નથી ગમતું.

(મીનળ સામું જુએ છે.)

આ મીનળ તો ઠીક છે પણ બીજા ઘણાં પોતે શું કરે છે ત્હેનો અર્થ પણ સમજતાં નથી. એમ વગર સમજ્યે ક્રિયાઓ કરવાથી શો ફાયદો ?

(પાછા જઇ કોચ પર પડે છે.)

ટાગોર પણ કહે છે ને કે

" રૂદ્ધદ્વારમન્દિરને ખૂણે કોને તું આરાધે ?
નયન ઉઘાડી જો તું શ્રીવર સમ્મુખ તો ન બિરાજે. "

(જરા વાર પછી)

પણ એમ પણ ખરું ને કે ભક્ત પથ્થરને ફુલો ચઢાવે કે ખરે-ખર ઇશ્વરને ફુલો ચઢાવે એથી ભક્ત કે ઇશ્વર એકેની સ્થિતિમાં ફેર નથી થતો. ઇશ્વરને તો ફુલો ચઢે કે ન ચઢે એ સરખુ જ હશે અને ભક્તનું હૃદય તો એથી એટલું વધારે પવિત્ર બની જાય છે. માણુસ બીલકુલ ફુલો ન ચઢાવે તે કરતાં આ સ્થિતિ વધારે સારી નથી ? આપણે આપણી બુદ્ધિની શંકાઓને બ્હાને રોજરોજ કદાચ આપણા હલકા સ્વભાવને પોષીયે છિયે.

(નીચે આરતી થતી હોય છે તે બંધ પડે છે. બ્રાહ્મણો શાંતિ-વચન બોલવા માંડે છે ને થોડી વાર પછી બધું સમેટી ચાલ્યા જાય છે; ઘરમાં ફરી વાર સનકાર પ્રવર્તે છે ને વેદિમાંથી નીકળતી સુગંધ શમી જાય છે.)

પણ મ્હને એ પણ નથી સમજાતું કે આપણું મન પવિત્ર હોય તો આ બધી ક્રિયાઓનું શું કામ ? એ શાસ્ત્રવચનો અને બ્રાહ્મણ વચનો તો કોઇ વાર મનને ગુંગળાવી નાંખે છે. એક જણ કહે છે કે:

गंगा गंगेति यो ब्रूयाद्योजनानां शतैरपि ।
मुच्यते सर्व पापेभ्यो ब्रह्मलोकं च गच्छति ॥

તે ગંગાના નામ માત્રથી પાપો શમી જતાં હોય તો પાપ કરનારને ફીકર શા માટે રાખવી જોઈયે? આવું તે કાંઇ મનાય? પછી ઘરડાંઓ કહે છે કે શાસ્ત્રમાં શ્રદ્ધા નથી રાખતા તે શ્રદ્ધા તે કેમ રહે?

(મીનળ આરતી અને પ્રસાદની થાળ લઇને આવે છે. આરતીનું અજવાળું એના મ્હોં પર પડે છે)

ત્હમને કેમ છે? તાવ ચઢયો?

મીનળઃ લ્યો, આચકા લ્યો.

(નવનીતભાઇ મીનળ સામું જોતો આચકા ને પ્રસાદ લે છે.)

નવનીતઃ ત્હમને કેમ છે? તાવ ઉતર્યો?

મીનળઃ તાવ તો કયારનો ઉતરી ગયો; ને આજ તો અશકિત યે નથી લાગતી. એવું સારૂં સારૂં લાગે છે.

(નવનીતભાઇ મીનળ સામું જોઇ રહે છે. મીનળ તે સમજે છે ને જરાક હસે છે. આરતી અને થાળ મેજ પર મૂકે છે ને અંબોડો સમો કરતી ઉભી રહે છે.)

હા, ગુરુદેવે શાંતિ કરી. પણ ત્હમને બહુ સૂનું લાગ્યું હશે, ખરૂં?

(નવનીતભાઇ મીનળના હાથ પકડી ખેંચે છે ને ત્હેને પોતાની પાસે બેસાડે છે.

નવનીતઃ મીનળ ત્હમે આજે બહુ જ સુન્દર લાગો છો, હં.

(મીનળ નવનીતભાઇ સામું સાનંદ જોઇ રહે છે.)

[પડદો પડે છે.]

પ્રવેશ ૩

[સ્થળઃ સુવાનો ઓરડો. સમયઃ રાત્રિ. મીનળ અને નવનીતભાઈ બેઠાં છે.]

નવનીતઃ મીનળ, ત્હમે ન હોત તો આખું જીવું મ્હારૂં શું થાત?

મીનળ: ત્હમે એમ કહી મ્હને નીચી શા સારૂ પાડો છો ?

નવનીત: ના, ખરેખર હુ સાચ્યું જ કહું છુ. છેલ્લાં છેલ્લાં વર્ષોમાં મ્હારા હૃદયમાં જે વ્યથા થતી હતી તે હવે શમવા માંડી હોય એમ લાગે છે, ને મ્હારૂ ચિત્ત પ્રસન્ન રહે છે. હું ધારૂં છું કે ત્હમે મ્હને ધર્મમાં આટલી પણ શ્રદ્ધા રાખતો કર્યો ન હોત તો મ્હારો થાક કદી ન ઉતરત.

મીનળ: કેવું સારૂં થયું ! સાસુજી પણ કહે છે કે ધર્મમાં શ્રદ્ધા રાખવાથી જ આપણા ઘરમાં હવે બધું શુભ થાય છે. ત્યારે આપણે સોમયાગ નહિ તો પૂર્ણમાસ યાગ કરીશું. પ્હેલાં તો દરેક જણને એ કરવો પડતો.

નવનીત: ના, ના, મ્હને હજી એટલી શ્રદ્ધા નથી. હું તો માનું છું કે મ્હારી શ્રદ્ધા છે તેવી પણ ઘણી જ લૂલી છે અને હું વિચાર કરૂં છું ત્યારે તો મ્હારી શ્રદ્ધા બધી જ ઓગળતી લાગે છે. ત્હમને યાદ છે એક વાર ત્હમે મ્હને વાછરડાની દોર કુદવાનો પ્રસંગ કહેલો ?

મીનળ: હા, તે ખરો છે; તેથી જ ધાડીએ ચોરી કરેલી.

નવનીત: ના, હજી હું એ માની નથી શકતો; અને વારંવાર એક તરફથી મ્હને મનુસ્મૃતિનું વાકય યાદ આવે છે કે

न लङ्घयेद्वत्सतन्त्रम्

ને એ વિશેની ત્હમારી લોકવાયકા તાજી થાય છે અને બીજી બાજૂથી તર્કશાસ્ત્રીઓ આ રીતના તર્કને **काकतालीय न्याय** કહી ઓળખાવે છે.

મીનળ: પણ એમાં તર્કને અવકાશ જ નથી. તે દિવસે આપણે નહોતું વાંચ્યું કે

एतैर्यानि प्रणीतानि धर्मशास्त्राणि वै पुरा ।
तान्येतानि प्रमाणानि न हन्तव्यानि हेतुभिः ॥

તર્ક કરીને એ શાસ્ત્રવચનોનો ઉચ્છેદ કરવો નહિ એમ એ શાસ્ત્રીઓ જ નથી કહેતા ?

નવ: ત્હમારી વાત ખરી હશે પણ આજની નવીન સસ્કારોમાં ઉછરેલી મ્હારી બુદ્ધિ એમ માની નથી જતી; અને કોઇ વાર ઘોંઘાટ કરી મૂકે છે.

મીનળ: ના, ના, એવું કશું નહિ, ત્હમારા જેવા તો મનને વશ કરી શકે.

નવ: મીનળ, એ કૈં ત્હમારે ખાતર કરવાની વાત છે ? અને છતાં ત્હમે કહો તો તેમ કરૂં.

મીનળ: ના, મ્હારા એકલાની ખાતર નહિ; પણ સાસુજી પણ એવું જાણે તો કેટલાં દિલગીર થાય. અને શું ખરેખર ત્હમને ધર્મમાં શ્રદ્ધા નથી ?

(મીનળનું મ્હોં પડી જાય છે.)

નવ: મીનળ, ત્હમે એમ દુ:ખી ન થશો. પણ સાચું કહું તો હજી ત્હમારા જેટલી શ્રદ્ધા મ્હને નથી. કોઇ વાર એ શ્રદ્ધાને લીધે હું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવું છું, ત્હમારી સાથે હોઉં ને જેટલી હોય છે તેટલી નિર્ભયતા અનુભવું છું પણ પાછું કોઇક વાર મેં કહ્યું તેમ બુદ્ધિ બંડ કરી ઉઠે છે; ને મ્હને લાગે છે કે કોઇ સમુદ્રમાં અંધારૂં થયુ છે ને હુ તણાઉં છું. મ્હારી આસપાસ ઘણી ચીજો તરતી લાગે છે પણ તે તારનારી છે કે ડુબાડનારી છે તે સમજાતું નથી અને સમુદ્રની પ્રચંડ છોળો તો આવ્યે જાય છે. ને

આ નહિ તો પેલી તો જરૂર મ્હને ડૂબાડશે એવી બ્હીક રહ્યા કરે છે.
(અટકે છે.)

મીનળઃ ના, ના, ત્હમે એવો કશો જ ભય ન રાખશો. ત્હમે તર્ક વધારે કરો છો એટલે ત્હમને શંકા ને ભય વધારે થાય છે. શંકરાચાર્ય તો કહે છે કે મરણ પાસે આવે ત્યારે તર્ક કામ ન લાગે. પણ ગોવિંદને ભજવા જોઇયે. ત્હમને એ યાદ છે ને? સુન્દર છે.

નવઃ ના, યાદ નથી, બોલો જોઇયે.

(મીનળ સ્વસ્થ થાય છે અને સુન્દર કંઠે ગાવા માંડે છે.)

મીનળઃ ભજગોવિંદં ભજગોવિંદં ભજગોવિંદં મૂઢમતે
પ્રાપ્તે સંનિહિતે મરણે નહિ નહિ રક્ષતિ ડુકૃઞ્ કરણે.
પણ ચાલો, કૈં સરસ વાંચું ત્હમને ગમે એવું. વાંચું ?

નવઃ હા.

(મીનળ ઉભી થાય છે ને એક પુસ્તક લઇ બેસે છે)
એ શું છે ?

મીનળઃ ઋગ્વેદનું દેવીસુક્ત. ત્હમે સાંભળ્યું છે ? શરદમા દેવીપૂજા વખતે કદાચ સાંભળ્યું હશે.

નવનીતઃ ના.

મીનળઃ અમ્ભૃણ ઋષિની કન્યા વાક્ આ સુકતના ઋષિ છે. એ કહે છે;

अहंरुद्रेभिर्वसुभिश्चरामि
अहमादित्यैरुत विश्वदेवैः
अहंमित्रावरुणोभा बिभर्मि
अहमिन्द्राग्नी अहमश्विनोभा
अहंरुद्राय धनुरातनोमि

ब्रह्मद्विषे शरवे हन्त वा उ
अहं जनाय समदं कृणोमि
अहंद्यावापृथिवी आविवेश

એ કહે છે કે રૂદ્રો અને વસુઓ, આદિત્યો અને વિશ્વદેવો સાથે હું ફરૂં છું; મિત્ર વરૂણ અને ઇન્દ્ર તથા અશ્વિનોને હું ધારણ કરૂં છું, પછી આગળ કહે છે કે બ્રાહ્મણોના શત્રુઓના વિનાશ માટે રૂદ્રનું ધનુષ્ય હું જ ખેંચું છું. માણસના કલ્યાણ માટે હું લઢું છું અને હું પૃથ્વી અને મૃત્યુલોકમાં રહું છું.

(અટકે છે)

નવનીતઃ કલ્પના ઘણી જવલંત છે. કેટલી પ્રબળ શકિત કલ્પી છે. બસ, પૂરૂં થયું ?

મીનળઃ આગળ છે હજી.

अहं सुवे पितरमस्य मूर्द्धन्
मम योनिरप्सु अन्तः समुद्रे
ततो वितिष्ठे भुवनानि विश्वा
उतामूं द्यां वर्ष्मणेपि स्पृशामि
अह एव वात इव प्रवामि
आरभमाणा भुवनानि विश्वा
परो दिवा पर एना पृथिव्या
एतावती महिमा सम्बभूव

મેં ઉર્ધ્વભાગે પિતા ધૌનો પ્રસવ કર્યો છે; સમુદ્રમાં મ્હારો ગર્ભ છે; વિશ્વભુવનમાં મેં પ્રવેશ કર્યો છે; દ્યુલોકને હું સ્પર્શ કરૂં છું; વિશ્વ-

ભુવન રચવા હું પવનની માફક ફરૂં છું. પૃથ્વીથી પર, દ્યુથી પર, સર્વત્ર હું મ્હારા મહિમા દ્વારા ઉત્પન્ન થાઉં છું.

(નવનીતભાઇ મીનળને જોઇ રહે છે. મીનળ પુસ્તક બંધ કરે છે અને ત્હેની આચકા લઇ આંખે અડાડે છે.)

નવનીત: મીનળ, પેલું વાક્ય યાદ છે;

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षपरिषस्वजाते।

મીનળ: હા, કેમ ?

નવનીત: ત્હેપે આમ ભક્તિભાવે વાંચતાં હતાં ત્યારે મ્હને એ વાક્ય સાંભર્યું. ત્હમે અને હું બેઉ એક વૃક્ષ પર બેઠા છિયે; ત્હમે મીઠું ફળ ખાવ છો ને હું વગર ખાધે જોયા કરૂં છું.

(મીનળ નવનીતભાઇ પાસે જાય છે.)

મીનળ: ત્હમે એવુ ન બોલશો. ત્હમે ધારો તો ત્હમે પણ એ ખાઇ શકો છો. હા, હા, ત્હમે જરૂર જ એ ખાશો ને મ્હારાથી વધારે. પછી હું કેટલી બધી સુખી થઇશ !

(નવનીતભાઈ મીનળને જોઇ રહે છે.)

નવનીત: મીનળ, અને ધારો કે કદાચ મ્હારાથી એવી શ્રદ્ધા ન જ રખાય તો શું ખરેખર ત્હમે દુ:ખી થશો ?

મીનળ: ના, પણ રખાશે જ; એ તો મ્હારી ખાત્રી છે.

નવનીત: હા, પણ હું તો ખાલી ધારણારૂપે પૂછું છું. તો શું ત્હમને ખરેખર દુ:ખ થાય ?

મીનળ: દુ:ખ તો થાય ને ?

નવ: પણ પતિ નાસ્તિક હોય ત્હેમાં પત્નીને શું ! અંગ્રેજ લોકોમાં તો પતિ કેથોલિક હોય ને પત્ની પ્રોટેસ્ટંટ હોઇ શકે; ને કોઇ વાર તો એમાંથી એક સાવ નાસ્તિક પણ હોય છે. એ લોકોની જેમ હું ત્હમારી ક્રિયાઓની આડે ન આવું પછી ત્હમારે દુઃખી શા સારૂ થવુ જોઇયે ? લગ્ન થાય એટલે શું પુરૂષ-સ્ત્રીએ પોતપોતાની સ્વતન્ત્રતા વેચી દેવી ? અંગ્રેજો તો એમ નથી કરતાં.

(મીનળ ઉશ્કેરાતી હોય એમ લાગે છે.)

મીનળ: એમનાં તે કાંઇ લગ્ન છે ? અંગ્રેજોને વળી લગ્નનું શું ભાન ? કેટલાકો દિવસ દિવસે લગ્ન કરે છે તેને એમના લગ્નમાં કંઇ જ ફેર નથી.

નવ: પણ ત્હમે એમ ઉશ્કેરાઇને શા સારૂ બોલો છો ?

(મીનળ જરા શાંત પડવાનો ડોળ કરે છે.)

મીનળ: જુઓને દરરોજના લગ્નમાં ફક્ત શરીરનાં લગ્ન થાય છે ને ત્હમારા અંગ્રેજો પણ શરીરનાં જ લગ્ન કરે છે. એ લોકોને આપણાં

सरवायौ सतपदावभूव सख्यम।

ના સખ્યનું શું ભાન હોય ! આપણે પ્રાણોથી લગ્ન કરીયે છિયે, ને એ લોકનાં તો ખાલી શરીરનાં જ લગ્ન થાય છે.

નવ: એ બધુ ખરૂં, પણ એમાં ત્હમારે દુઃખી શા સારૂ થવું પડે એ ન આવ્યુ.

મીનળ: કેમ વળી, હું ત્હમારી સ્ત્રી થઇ ત્હમારામાં આટલી શ્રદ્ધાયે ન મૂકી શકું તે દુઃખી તો થવાય જ ને ? પુરુષમાં શ્રદ્ધા મૂકવી એ તો સ્ત્રીનો આદિ ધર્મ છે.

નવ: અને હું ત્હમારો પતિ થઇને ત્હમને મ્હારા વિચારનાં કરી ન શકું તે મ્હને દુઃખ ન થાય?

(મીનળ ચીઢાય છે.)

મીનળ: તે હા, હું સાચુ કહું છે કે આખરે ત્હમે નહિ જ બદલાવ તો મ્હારે ત્હમારા મતના થવુંજ પડશે. અમે સ્ત્રીઓ બીજું કરી પણ શું શકીએ?

નવ: તે શુ હું આવો ને આવો જ રહ્યો તો ત્હમે ત્હમારાં દેવલાં કૂવામાં નાંખી દઇ મ્હને અનુસરશો એમ?

મીનળ: હાસ્તો, દરેક વાતમાં અમે એમ જ કરતાં આવ્યાં છિયે તે આમાં પણ એમ કરશું. સ્ત્રીએ એના પતિને અનુસરવું જ પડે.

નવ: એ જ ન્યાયે મીસીસ વર્તમાને દારૂ પીવા માંડયો હતો, ખરુ ને!

મીનળ: તે ત્હેમાં શું થયું? એણે તો પતિ ખાતર માત્ર દેહને જ અભડાવી. પણ કેટકેટલી હિન્દુ સ્ત્રીઓ પતિ માટે ભવોભવનાં નર્ક વેઠે છે?

નવ: મીનળ, ત્હમે શું પછી ત્હમારી સ્થિતિને નર્ક કહેશો?

મીનળ: ત્હમને ગીતાવાક્ય નથી યાદ આવતુ કે

स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः।

સ્ત્રીને ખરાબ પ્રજા થાય તે કરતાં વધારે ભુંડું નર્ક શું હોય?

(અંદરથી "વહુ, દીકરા, હજી નથી સુતાં"ની બૂમ સંભળાય છે.)

ચાલો, સાસુજી ચિન્તા કરશે. આપણે સુઇ જઇયે.

[પડદો પડે છે.]

પ્રવેશ ૪

[સમય: સ્હવાર. સ્થળ: ચોક. બધે આસોપાલવનાં તોરણો બાંધ્યાં છે. ચોકમાં યજ્ઞશાળા રચી છે. ત્હેમાં પૂર્ણમાસ યજ્ઞ થાય છે. એક યજુર્વેદી અધ્વર્યુ આહુતિ આપે છે, ઋગવેદી હોતા મન્ત્રો ભણે છે; બે ઋત્વિજો વિષ્ણુક્રમ પ્રક્રમણની તૈયારી કરે છે. એક પાટલા ઉપર નવનીતભાઇ અને ત્હેની પાસેના પાટલા ઉપર મીનળ બેઠા છે. નવનીત ભાઇએ પીતાંબર પહેર્યું છે ને કસબી શાલ ઓઢી છે. મીનળે અમર પહેર્યું છે ને અલંકારોથી અંગેઅંગ મઢ્યું છે. બેઉના લલાટ પર કંકુના મ્હોટા ચાંલ્લાઓ છે ને તે ઉપર અક્ષત ચોઢ્યા છે. ત્હેમની સામે વેદિમાં અગ્નિ પ્રકાશે છે. વેદિ ઉપર ફુલો અને પ્રસ્તર દાભ તથા ચંદન વિ. ના છાંટાઓ છે. પાસે પૂજાની વિવિધ સામગ્રીઓ છે. એક બાજૂએ એક શેતરંજી પર થોડાક પુરૂષો બેઠા છે અને બીજી બાજુએ દશબાર સ્ત્રીઓ છે. એક બ્રાહ્મણ ઉભો થાય છે ને હાજર રહેલા લોકોનુ ધ્યાન ખેંચતો હોય તેમ જોરથી ખોંખારો કરે છે. બધા બ્રાહ્મણો ઉભા થાય છે.]

બીજો બ્રાહ્મણ: ચાલો, હવે વિષ્ણુક્રમ પ્રક્રમણ થાય છે. ચાલો, ભાઇ ત્હમે ઉભા થાવ.

(નવનીતભાઇ પૂર્વ દિશા તરફ જોતા ઉભા થાય છે.)

બ્રાહ્મણો:

यस्यत्रीपूर्णा मधुना पदान्यक्षीयमाणा स्वधयामदन्ति
यउत्रिधातु पृथिवीमुत द्यामेको दाधार भुवनानी विश्वा

(નવનીતભાઇ ત્રણ ડગલાં ભરી આહવનીય સુધીની જગા ફરે છે. પછી બેસે છે અને ગાર્હપત્ય અગ્નિની **अयमग्निर्गृहपति-**

ગાર્હપત્ય: ઇ પ્રાર્થના કરે છે. મીનળ ત્હેને વિજયી નજરે નીરખી રહે છે. એક બ્રાહ્મણ યજમાનનું વ્રત વિસર્જન કરાવે છે; પછી બે બ્રાહ્મણો આગળ આવે છે.)

એક બ્રાહ્મણ **यज्ञेन वै देवाः इमां जितिं जिग्यु॥** યજ્ઞ વડે દેવો જીત્યા હવા.

બીજો બ્રાહ્મણ: **अक्षय्य ह वै सुकृत चातुर्मास्य याजिनो भवन्ति ॥**

ચાતુર્માસ યજ્ઞ કરવા થકી અક્ષય્ય પુણ્ય પ્રાપ્ત થાય છે.

બધા બ્રાહ્મણો: **ॐ शांतिः शांतिः शांतिः**

यजमानः सुखिनो भवन्तु ॥

એક બ્રાહ્મણ: (આહ્વનીયમા સમિધ્ નાંખતો) મ્હોટી બ્હેન, ચાલો હવે બહાર જઇ મ્હોટાભાઇને અને મ્હને આ પુરોડાશ આપો.

(મીનળ પુરોડાશનુ વાસણ લઇ ચાલે છે એટલે બધા બ્રાહ્મણો યજ્ઞશાળામાંથી બહાર આવે છે, મીનળ નવનીતભાઇ તથા એક બ્રાહ્મણને પુરોડાશ આપવા માંડે છે એટલામાં તારવાળો આવે છે અને તાર આપે છે. બ્રાહ્મણ પુરોડાશ લે છે અને ખાઇ જાય છે પણ નવનીત ભાઇ તાર વાંચવામાં પડે છે)

નવનીત: મીનળ, શિરીષભાઇ અને બધાં અત્યારે આવે છે.

(મીનળ પુરોડાશનું વાસણ હાથમાં લઇ ઉભી છે, ત્હેને નવનીત ભાઇ તાર આપવા જાય છે એટલે અચાનક હાથ વાગવાથી વાસણ પડી જાય છે અને પુરોડાશ જમીન પર ઢળી જાય છે. મીનળ વ્હીલા મ્હોંએ ઉભી રહે છે.)

એક બ્રાહ્મણ: અરરર, યજમાન હવિશેષ ખાય નહિ ત્યાં લગી યજ્ઞ પુરો થયો ગણાય નહિ. હવે શું થશે ?

(મીનળ રોવા જેવી થઇ જાય છે; એટલે એક બ્રાહ્મણ યજ્ઞશાળામાં જાય છે અને કોઇ જુએ નહિ તેમ નવો પુરોડાશ તૈયાર કરી પાછો આવે છે અને એક વાડકી મીનળને આપે છે.)

બ્રાહ્મણ: મ્હોટી બ્હેન, લ્યો, લ્યો આ વધ્યું હતું તે ભાઇને આપો.

(મીનળનું મ્હોં જરાક પ્રસન્ન થાય છે. પણ ત્હેનો ઉત્સાહ મંદ પડી ગયો છે. નવનીતભાઇને વાડકીમાંથી તે પુરોડાશ આપે છે અને નવનીતભાઇ તે ખાઇ જાય છે.)

નવનીત: પણ મીનળ, તેમાં ત્હમે આટલાં દુ:ખી શું કામ થાવ છો ? ત્હમે કહેશો તો આપણે સોમયજ્ઞ કરીશું, પછી કાંઇ ?

(મીનળ ઉત્તર નથી આપતી ને બાજુએ જતી રહે છે. ઋત્વિજોને દક્ષિણા અને મ્હેમાનોને તે પ્રસાદ આપે છે અને બધાં ધીરેધીરે વિખરાય છે. એ બધી વાર નવનીતભાઇ મીનળને જોતા ઉભા રહે છે.)

(સ્વગત) આટલી બધી શ્રદ્ધાનું કાંઇ ફળ હશે, ખરું ?

(એટલામાં મીનળ આવે છે ને નવનીતભાઇની સામે ઉભી રહે છે. ત્હેનું મ્હોં પડી ગયુ છે.)

મીનળ: કોણ જાણે મ્હારે આજે આમ કેમ થયુ ? યજ્ઞોથી તો દેવો જીત્યા હતા.

(થોડી વાર બેઉ ચૂપ રહે છે.)

હા, તે ત્હમે માઠું ન લેશો પણ શિરીષભાઇને આ કૈંમાં શ્રદ્ધા નથી તે એમના આવવાના સમાચાર આવ્યા ને પુરોડાશ ઢોળાઇ ગયો.

નવનીતઃ કદાચ એમ પણ હોય, પણ આખરે મ્હને તો મ્હારો ભાગ મળ્યો. હવે ત્હમે દીલગીર શા સારૂ થાવ છો ?

મીનળઃ હા, એટલું ઠીક હતુ કે મહારાજે આગળથી થોડો કાઢી લીધો હતો પણ આમ પુરોડાશ ઢોળાઇ જાય એ કેવા અપશુકન કહેવાય ? સાસુજી તો કહેતાં હતાં કે પુરોડાશ કે પ્રસાદ ઢળે ને ક્રિયા કરનારનાં ભાગે કૈં ન રહે તો.........

(અટકે છે.)

નવનીતઃ તો શું ?

(મીનળ નીચું જુએ છે)

એને પુત્ર થતો નહિ હોય, ખરૂ ને ? હા, એજ હશે; મારી ખાત્રી છે.

(મીનળ જવાબ આપ્યા વિના ઉભી રહે છે.)

તે શું મીનળ, પુત્ર વિના માણુસને ન ચાલે ? એટલા ખાતર શું આમ જીવ બાળવાનો હોય !

(મીનળ હજી નિરૂત્તર ઉભી રહે છે. નવનીતભાઇ જરા તપ્યા હોય તેમ દેખાય છે)

મ્હને તો પુત્રની જરૂર લાગે છે તે કરતાં ત્હમે પ્રફુલ્લ રહો એની વધારે જરૂર લાગે છે.

મીનળઃ ના, એવું કાંઇ જ નહિ. પુત્ર વગર તો સાતે પેઢીની અવગતિ થાય ને મ્હને ગમે તેમ થાય તેથી કૈં તેમ નહિ થાય.

નવનીતઃ મીનળ, મ્હારી સાતે પેઢીની તો જેવી ગતિ થવાની હતી તેવી થઇ ગઇ છે; પણ ત્હમને હું આમ નિરાશ થતાં જોઉં છું ત્યારે મ્હારી ગતિ સારી નથી થતી. માણસે સાચેસાચ

પ્રફુલ્લ રહેવુ જોઇએ. એ જ એનો ખરો ધર્મ છે.

મીનળ: ને બીજું કાંઈ નહિ?

નવનીત: (ધીરેધીરે)બીજું...બીજું બધુ પછી.

(મીનળ અંદર ચાલી જાય છે. નવનીતભાઈ ગાદી ઉપર પડે છે. થોડી વારે મીનળ પાછી આવે છે.)

મીનળ: તે શુ આપણે આ બધું કર્યું તે ત્હમને નકામું લાગે છે?

(નવનીતભાઈ મીનળ સામું જુએ છે.)

નવનીત: મીનળ, મેં એવુ વળી કયારે કહ્યુ? ઉલ્ટું મેં તો કહ્યું હતું કે આપણે સોમયજ્ઞ પણ કરીશું. હું તો એટલું જ કહેતો કે ત્હમે દુ:ખી થાવ એ મ્હને નથી ગમતું.

(થોડીવાર પછી)

મીનળ: ત્યારે આપણે સોમયાગ કરીશું?

નવનીત: હા, જરૂર કરીશું. પણ હજી શિરીષભાઇ કેમ નહિ આવ્યો હોય? વખત તો ક્યારનો ભરાઇ ગયો.

મીનળ: તે સાસુજી પૂછતાં હતાં કે ભાઇ આમ ઉચણુચ કેમ આવે છે?

નવનીત: ના, મ્હને એણે લખ્યું હતું. પણ હું કહેવાનું વીસરી ગયો હતો. એ લોક આ રજા અહિં ગાળશે.

મીનળ: ત્હમે કૈં પણ કહેવાનું વિસરતા નથી ને એમ કેમ થયું? આવી વાત ત્હમે કૈં વિસરો નહિ. શું હતું?

(બ્હાર કોઈના આવવાનો અવાજ થાય છે. મીનળ વાંકી વળી ડોકિયું કરે છે ને સત્વર ઉભી થાય છે.)

શિરીષ ભાઇ આવ્યા.

(શિરીષ દાખલ થાય છે. ત્હેના હાથમાં લોઢાની સાંકળી છે. ત્હેનાથી ખેંચાતુ એક કુતરૂં ત્હેની પાછળ અંદર આવે છે.)

મીનળ આવો, સારા છો ?

શિરીષ: હલ્લો, ત્હમે કેમ છો ? (નવનીતભાઇ તરફ જોઈ) કેમ ભાઇ, સારા છો ? મા મઝામાં છે ?

મીનળ: હા, મા પૂજામાં છે પણ ન્હાનાભાઇ, તમે એકલા કેમ છો ?

શિરીષ: સુહાસ ને ક્રિટિ તો કાલે આવશે. જ કશને સુહાસને તૈયાર થતાં વાર થઇ એટલે સાથે આવી શકી નહિ. પણ ભાભી, ત્હમે વળી આ બધા શા ઢોંગ માંડયા છે ?

(ચોક તરફ આંગળી કરે છે.) કોઈના લગન બગન છે કે શું ?

નવનીત: મીનળ, ભાઇ માટે પાણી મોકલો.

(શિરીષને) કેમ સારો છે ? બેસ.

(મીનળ જાય છે. શિરીષ નવનીતભાઇ પાસે બેસે છે.)

શિરીષ: હા, મઝામાં છીએ પણ આ બધુ શું છે ? ભાભી ને ત્હમે આમ શણગારાયાં છો ને કૈં હોમ થાય છે ને આ બધુ ?

નવનીત: આજે યજ્ઞ કર્યો હતો,

શિરીષ: યજ્ઞ ! ત્હમે પાછો ધર્મ પાળવા માંડયો કે શું ? સારૂં થયું કે સુહાસ મોડી આવશે. તે હવે તો આ બધુ પુરૂં થયું છે ને ?

નવનીત: શિરીષ, તું આમ બોલશે તો મીનળને ખૂબ માઠું લાગશે ?

શિરીષ: ને ત્હમને પણ ?

(શિરીષ ટીકીને નવનીતભાઇ તરફ જુએ છે. નવનીતભાઇ પોતાની નજર બીજી તરફ વાળી લે છે.)

નવનીત: ના, મ્હને...મ્હને કૈં ખાસ નહિ.

શિરીષ ભાભી શું રોજ આવાં ગાંડા કાઢે છે એમ ?

(નવનીતભાઇ બોલતા નથી. શિરીષ ચારેગમ બધું જુએ છે. મીનળ પાણીનો લોટો લઇ આવે છે)

મીનળ: ન્હાનાભાઇ. ત્હમે હજી કપડાં પણ નથી ઉતાર્યાં !

શિરીષ: (જાણે નવાઇ પામતો હોય તેમ) કપડાં ? શા માટે ? મેં તો હમણાં જ ટ્રેઇનમાં બદલ્યાં છે હવે તો રાતે જ બદલીશ. કેમ ?

મીનળ: ના કે નહિ. હું તો કહેતી હતી કે ત્હમે નિરાંતે બેસી શકત.

શિરીષ: નિરાંત ? અરે હાંરે, મ્હને તો તદ્દન નિરાંત છે. અમને તો કપડાં પહેરી રાખવાની ટેવ પડી ગઇ હોય છે. પણ બેસો તો ખરાં—કે પછી પતિદેવની હાજરીમાં ઉભા જ રહેવું પડે ? તે ભાભી, ત્હમે પગચંપી પણ કરો છો ખરા કે ?

મીનળ: હારનો, શા સારૂ ન કરીયે ? ત્હમે આ કુતરાને પંપાળો છો ત્હેના કરતાં વધારે ઉંચા આત્માની સેવા કરીયે છીયે.

શિરિષ: ધુળ. મ્હારી સુહાસ તો એવું કરવાની સાફ ના કહે. ત્હમે માનશો.........

મિનળ: (ઉતાવળે) હા, શા માટે નહિ માનું ?

(શિરીષ હસે છે.)

શિરિષ: હું એમ કહેતો હતો કે એક વાર મ્હને પગે ખુબ કળતર થતી હતી પણ સુહાસ કેં પગ ન દાબે. ત્હમે જાણો છો તેમ સુહાસને એવી બહૂ ચીઢ છે.

મિનળ: ના, મ્હને તો એની કેં જ ખબર નથી.

(શિરીષ નવનીતભાઈ સામું જોઇ હસે છે.)

શિરીષ: ભાભી, એ તો " ત્હમે જાણો છો " એમ કહેવાની રીત છે,

મિનળઃ પણ સામું માણુસ જાણતું હોય તો ત્હમે કહો શા માટે ?

શિરીષઃ પણ એતો ખાલી વિવેક છે.

મિનળઃ ને સામું માણુસ શું હા કહે કે એ જાણે છે ? ન જાણે તો પણ ?

શિરીષઃ હા, વળી. જાણે શું, વાતમાં જરાયે ન સમજે તો પણ માથું હલાવવું પડે.

મિનળઃ બળ્યો એ વિવેક. તે ત્હમે તો એવુ જુઠું ન આચરશો. આપણે શા સારૂં જુઠું બોલવું પડે ।

(શિરીષ કૈં જવાબ નથી આપતો ને મૂંગો બેસી રહે છે. થોડીવારે)

ન્હાના ભાઇ. આજ કેટલા વખતે મળ્યા ? સુહાસ વહુને તો પરણ્યાં ત્યારે દીઠા હતાં તે જ. કિરિટને જોવાનું તો મ્હને કેટલું મન છે ! તે ત્હમે એટલે બધે દુર શા માટે ગયાં કે વરસો લગી મળાય જ નહિ ?

શિરીષઃ અમ્હને લાગ્યું કે વગર ઉપાધીએ જીવવું હોય તો પરદેશ વધારે ઠીક પડે, નહિ ત્યાં રીતરિવાજો કે નહિ ન્યાતજાત. ફાવે તેમ ફરવું-હરવું.

મીનળઃ તો દર વર્ષે અમ્હને ત્યાં તેડાવો ન્હાની વહુના સીમંતમાં પણ અમ્હને તેડયાં સરખાંયે નહિ. દૂર હતું તો પણ હું તો આવત.

શિરીષ; શેમાં ? સીમંતમાં ?

મીનળઃ હા, કેમ ?

શિરીષઃ પણ સીમંત કર્યું છે કોણે કે ત્હેમને બોલાવું

ભાભી, અમ્હે તો એ ધતીંગમાં માનતા જ નથી.

(મીનળ ગભરાતી હોય તેમ નવનીતભાઇ સામું જુએ છે. એટલામાં અંદરથી મા શિરીષને હાંક પાડી બોલાવે છે ને શિરીષ અંદર જાય છે.)

મીનળ: ન્હાનાભાઇએ એ શું સાચુ કહ્યું ?

નવનીત: ત્હેનું શું ?

મીનળ: શું કેમ ? સીમન્તોન્નયન વગર તો......

(શિરીષ પાછો આવે છે.)

શિરીષ: શું ભાભી, સીમન્તોન્નયન વગર શું થાય ?

નવનીત: હવે ત્હમે એ જણ સમજી લ્યો. હું તો જાઉં છું.

(નવનીતભાઇ અંદર જાય છે.)

મીનળ: કૈં નહિ.

શિરીષ: ના, ના, ભાભી, કહો તો ખરાં. ત્હમે એવું એવું કહો છો ત્યારે મ્હને ખૂબ જ મઝા પડે છે.

મીનળ: ન્હાનાભાઇ, ત્હમે મ્હોટા થશો પછી આવું નહિ બોલો.

શિરીષ: વારુ, વારુ, પણ સીમન્તો...એ શુ હતુ ? તે ત્હેના વગર શું થાય ?

મીનળ: જુઓને ન્હાનાભાઈ, આપણા વડવાઓ કૈં હસી કાઢવા જેટલા મૂરખ ન્હોતા હ. એવા વિદ્વાનો તો હજી કોઇ દેશમાં નથી થયા ને આપણા દેશ વગર બીજે થશે પણ નહિ.

શિરીષ: એ બધું સાચું હશે. હુ કયાં ના કહું છું ?

મીનળ: ત્યારે શા સારૂ હાથે કરી સીમન્ત ન કર્યું ?

શિરીષ: પણ એ કર્યાથી ફાયદો શો ?

મીનળ: ફાયદો વળી કેમ નહિ ? એ તો આપણો એક મુખ્ય સંસ્કાર છે. એ વગર બાળકને કેટલી હાની થાય ?

શિરીષ: બાળકને હાની થાય ? ત્હમે પણ ગજબ છો, ભાભી. અરે, જે બાળક જન્મ્યુ પણ નથી ત્હેને વળી હાની શી થઇ શકે ? સીમન્ત તો બાળકના જન્મ પહેલાં થાય તે જ કની ?

મિનળ: હા, પણ ત્હેમાં શુ થયું ? આપણા લોક તો માનતા કે માતા ગર્ભ ધરણ કરે ત્યારથી જ બાળકના સંસ્કારો શરુ થઇ ચૂકે છે.

શિરીષ: બાળકમાં જીવ પણ આવે તે પહેલાંથી ?

મિનળ: કેમ, ત્હમે એ નથી જોયું કે એક ઘરમાં અમૂક જાતના લોક રહી જાય તો એ લોક ગયા પછી પણ એમનું વાતાવરણ રહી જાય છે ? સસ્કાર અને ભાવનાઓ હવામાં જીવે છે. એ પવિત્ર વાતાવરણની બાળક પર અસર થાય જ. એ તો ત્હમને શ્રદ્ધા નથી બાકી એમ જ માણુસ વગર સમજ્યે માળા ફેરવે છે ને ભવસાગર તરી જાય છે.

શિરીષ: ભાભી, એ વાતાવરણની ત્હમારી વાત તો કંક અંશે સાચી લાગે છે. અમેરિકાના ડૉ. વર્થલેસે એ જ શોધ કરી છે. પણ મ્હને જે નથી સમજાતું તે આ કે પવિત્ર વાતાવરણ માટે વળી ક્રિયાઓની શી જરુર ? પવિત્ર મન હોય તો બસ છે. વસ્તુ હોય તો વિધાનો બીનજરૂરી છે.

મિનળ: એ એમ કરીને જ ત્હમે લોકે બધું ચુંથી નાંખ્યું. તે ત્હમે શું એમ ધારો છો કે વસ્તુ હોય તો પણ વિધાન વગર બધા લોકોમાં એ ટકી રહી શકે ? તે દિવસ વ્રજલાલભાઇ પણ કહેતા

હતા કે ઇશ્વરપ્રેમ હોય તો પૂજાનું શું કામ? પણ ઘણી વાર તો એમ થાય છે કે પૂજા કરે તો વળી ઇશ્વર યાદ પણ આવે. આપણા લોકે સંધ્યાપૂજા મુકી દીધી એટલે ધીરેધીરે ઇશ્વર પણ ભૂલાઇ ગયો. સંધ્યાપૂજા ખોટી ખોટી પણ રહી હોત તો કોઇ દહાડો સાચા ઇશ્વર દેખા દેત.

શિરીષ: માફ કરો ભાભી, પણ ત્હમારી એ સંધ્યાપૂજા મ્હને તો ફારસ લાગે છે.

મીનળ: એવી સુન્દર ભાવનાની ટેવ પાડો તો ખરા; પછી ત્હમે એમ નહિ કહો.

શિરીષ: અરે પણ એ બધું બને કયારે? કપડા કાઢી જમવાની ફુરસદ નથી ત્યાં એ બધી ક્રિયાઓ કરવા રહું તો આખો દહાડો ને અર્ધી રાત એમાં જ જાય. આ જમાનામાં એ બધું અશક્ય લાગે છે.

મીનળ: ત્હમે લોક જમાનાનો વાંક શા માટે કાઢતા હશો? બે કેસ ઓછા લ્યો તો દશ મિનીટ રહતારે મળી શકે. તે શા સારૂ એટલો બધો લોભ કરો છો? જમાનો તો કૈં બદલાયો નથી; માણસો બગડયા છે. પહેલાંના લોકોએ પણ આવડો લોભ કર્યો હોત તો કૈં ન થાત.

શિરીષ: પણ પ્હેલું તો મને એ બધામાં શ્રદ્ધા જ નથી રહેતું છું? તેથી જ સુહાસને સીમંતની મેં ના પાડી હતી.

મીનળ: તે ત્હમે એવા સંસ્કારો પણ ન કરો એ મ્હને જરા ન ગમ્યું. આપણે આપણા આચારવિચારો કદી છોડવા ન જોઇએ.

(નવનીતભાઇ આવે છે.)

નવનીતઃ ત્યારે ત્હમે જમવાની ગોઠવણુ કરો ને. શિરીષ પણુ ભૂખ્યો થયો હશે.

(મીનળ જાય છે. બેઉ ભાઇઓ થોડી વાર ચૂપ બેસે છે. થોડી વાર પછી)

શિરીષઃ મ્હોટાભાઇ, મ્હને લાગે છે કે અમે અહિં આવ્યાં એ ભૂલ કરી. અમે માથેરાન જઇયે તો કેમ ? હજી ત્યાંની એકાદ હૉટલમાં જગો હશે. અને નહિ તો પછી અહિંની કોઇ હૉટલમાં રહીશું.

નવનીતઃ શિરીષ, ત્હને ખબર છે ને કે મીનળ ત્હમને બધાને ખૂબ ચાહે છે.

શિરીષઃ ત્હેની હું ક્યાં ના કહું છું ?

નવનીતઃ ત્યારે તું આમ કેમ બોલે છે ? હોટેલનો માલિક ઓછો ત્હારા વિચારોનો હશે ? તે તું સહી લઇશ ને ?

શિરીષઃ હા, પણુ એ કૈં અમ્હારી સ્વતંત્રતા ઉપર કોઈ જાતનો અંકુશ નહિ મૂકે.

નવનીતઃ ખરી વાત છે શિરીષ, અહિંયાં જરાતરા અંકુશ રહે ખરો. પણુ મીનળના સ્નેહ ખાતર ત્હમે લોક એટલું સહી નહિ લ્યો ? નહિ તો એ અત્યંત દુભાશે.

(થોડી વાર શિરીષ વિચારમાં બેસી રહે છે. પછી)

શિરીષ મ્હોટાભાઇ, સુહાસને અહિંયાં જરા નહિ ગોઠે. અમે તો પાછાં જતાં રહીયે તો જ સારૂ.

(નવનીતભાઇ વગર બોલ્યે અંદર જાય છે. શિરીષ ત્હેમની પાછળ જાય છે.)

[પડદો પડે છે.]

પ્રવેશ ૫.

[સમયઃ સ્હવાર. સ્થળઃ દિવાનખાનું. નવનીતભાઇ છાપું વાંચતા બેઠા છે. મીનળ પ્રવેશ કરે છે એટલે નવનીતભાઈ છાપું ઉંચું મૂકે છે. મીનળ પાસે બેસે છે.]

મીનળઃ ત્હમે કૈં જાણ્યું ?

નવનીતઃ શું ?

મીનળ શિરીષભાઇ રાતે કહેતા હતા કે એ તો કિરિટને જનોઇ પણ નથી આપવાના.

નવઃ એ તો ત્હમને ચીઢવતો હશે.

મીનળ ના, ના, મેં પણ પહેલાં એમ જ ધાર્યું હતું પણ એમણે તો સમ ખાઇ કહ્યું કે સાચું છે.

(નવનીતભાઇ જરા વિચારમાં પડે છે.)

નવ પણ મીનળ, કિરિટનાં જનોઇને તો હજી વાર છે ને? અત્યારથી એની આવડી ધાંધલ શું કામ જોઇએ !

મીનળઃ વાર શાની ? આપણામાં તો આઠમા વર્ષે જનોઈ આપવું જ જોઇયે એટલે આવતી વસન્તમાં મોડામા મોડું જનોઇ દેવું પડશે.

નવઃ પણ શિરીષ ના કહેતો હોય તો શું થાય ? અને એમ પણ ખરું ને કે એમાં આપણે શું ?

મીનળઃ આપણે શું કેમ ? આપણું કુટુંબ એક અને ત્હમે મ્હોટા-ભાઇ એટલે બધો જ ભાર આપણે માથે.

નવઃ પણ શિરીષ કૈં મ્હારા હાથમાં છે ? એના ઉપર આપણો એટલો શો હક્ક ?

મીનળઃ ના, તે ગમે તેમ કરી ત્હમે એમને સમજાવો. ત્હમે કહેશો

એટલે માનશે. એકલા ત્હમારૂં કહ્યું એ માને છે.

નવ: પણ મીનળ, એમ મ્હારાથી જોરજૂલમ કેમ થઇ શકે ? એ મ્હારૂં માન રાખે છે ત્હેનો ગેરલાભ કાંઇ લેવાય ? પછીથી તો એ મ્હારૂ પણ કહ્યું નહિ માને ત્હમે લોક ગેરવ્યાજબી માંગણી કર્યા કરો છો એટલે એ ત્હમારૂં કહ્યુ નથી કરતો. તે ત્હમે આ વાતમાં ખોટો આગ્રહ ન કરો તો સારૂં.

મીનળ: પણ ત્હમે એ કેમ નથી જોતા કે બ્રાહ્મણ જીવ ગાયત્રીનો મંત્ર જાણે નહિ તો......

નવ. પણ આપણે એના માસ્તર પાસે એને ગાયત્રી શિખવાડીશું, પછી શું ?

મીનળ. ના, તે ન ચાલે. ત્હમને પેલું યાદ નથી આવતું કે

तमस्ते वापषतम· प्रविशन्ति यमविद्वानुपनयते।

એવા અવિદ્વાન આચાર્યોને લીધે આપણે બધા અંધકારમાંથી અંધકારમાં જઇયે છિયે.

નવ: મીનળ, ત્હમને હવે તો ધર્મની ઘેલછા બેઠી છે. ત્યારે આ તો શિરીષને બાપુજીએ જનોઇ આપ્યું હતું છતાં કેમ આવો વિલાયતી થઇ ગયો ?

મીનળ: ના, એ જનોઇને લીધે તો એ હજી અટક્યા છે. એ વેદ અને ગાયત્રીના છાંટણાને લીધે હજી આપણાં લોક જીવી રહ્યાં છે. એ એક સંસ્કાર ન કરો એટલે બીજા માટે એને વૃત્તિ ન થાય ને ત્રીજો ભૂલાઇ જાય. તે હા, મ્હને તો શંકા થયા જ કરે છે કે સુહાસ વહુનું સીમન્ત નથી કર્યું તે એના બાળક પર એનું પરિણામ સારૂં નહિ જ આવ્યું હોય.

નવ: (ઉતાવળે) અરે, અરે મીનળ, ત્હમે આમ શું બોલો છો ? ત્હમે કેટલાં નિર્દય થઇ જાવ છો ! એ બિચારા બાળક વિષે એવુ ન બોલશો.

(નવનીતભાઈ ઉઠે છે અને ખંડમાં ફરે છે. થોડીવારે જાણે કોઇને ખાસ કહેતા હોય તેમ નહિ)

એવું જ છે. જ્યારે ધર્મઘેલછા બેસે છે ત્યારે માણસ સામા પક્ષે હમેશ ક્રૂર બને છે. અને એમાં સાચો ધર્મ તો ક્યાંયે અદ્રષ્ટ થઇ જાય છે. કોઇ એક વસ્તુમાં અતિ અંધ મોહ લાગે એટલે એમ જ થાય. પછી સારા નરસાનું ભાન રહે જ નહિ.

(થોડી વાર પછી)

પણ ત્હમે આમ દુ:ખ ન કરશો. સૌ થઇ રહેશે. હમણાં એ લોક આવી પહોંચશે. શિરીષ ક્યારનો સ્ટેશને સામો ગયો છે.

(બેઉ ચૂપ બેસી રહે છે. થોડી વારે શિરીષ અને સુહાસિની દાખલ થાય છે. સુહાસની આગળી પકડી, ઘણાં બધાં કપડાંઓમાં વીંટાયેલો એક બાળક ચાલે છે. મીનળ આગળ જાય છે.)

મીનળ: આવો સુહાસ વહુ, સારાં છો ?

સુહાસ:સાહેબજી, ત્હમે કેમ છો ?

(મીનળ હોંસભેર બાળક તરફ ફરી ત્હેને રમાડવા જાય છે એટલે બાળક રડવા માંડે છે.)

સુહાસ: (ઉતાવળે) હં, હં, એને ન અડશો. એની તો એને બહુ જ ચીઢ છે.

(મીનળ લેવાઇ જાય છે ને ઝંખીલી થઇ ઉભી રહે છે. સુહાસ

અને શિરીષ બાળકને છાનો રાખે છે; પછી બધાં બેસે છે)

નવ: તે શું શિરીષ, કિરિટને સારું નથી રહેતું ? એનું શરીર આમ કેમ છે ?

સુહાસ: ના; એ તો જન્મથી જ જરા નબળો છે.

(મીનળ નવનીતભાઇ તરફ જુએ છે. નવનીતભાઇ આડુ જોવા પ્રયત્ન કરે છે છતાં એની નજર મીનળ તરફ જાય છે.)

નવ: એટલે કાંઇ રોગ છે ?

સુહાસ: ના, ખાસ રોગ તો શું પણ જન્મથી જ એના મગજની નસો જરાક નબળી છે તે કોઇવાર મગજ ખાલી પડી જાય છે ને સુનમૂન જેવો થઇ જાય છે. ડાકટર કહે છે કે એને લીધે જ એનું શરીર ભરાતુ નથી. એ બિચારો આજ સાત–આઠ વર્ષનો થયો પણ કોઈ વાર જરા અમથું હજી હસ્યો પણ નથી.

નવ: પણ શિરીષ, આમ થવાનું કારણ શુ ?

શિરીષ: કારણ તો કોણ જાણે ? ડાકટર કહે છે કે એના જન્મ વખતે સુહાસ માંદી હતી એટલે આમ થયું.

મીનળ: ના, ના, એવું કૈં નહિ. છેક મરવા પડેલી સ્ત્રીઓને ત્યારે સારાં બાળકો કેમ અવતરે છે ? એ તો ત્હમે સીમન્ત ન કર્યું તે આમ થયુ .

નવ: મીનળ !

શિરીષ: ભાભી, એ બધાં ત્હમારાં મનનાં ભૂત છે ચલો મ્હોટાભાઇ, આપણે અંદર જઇયે. આ લોક ભલે અહિં બેઠાં.

સુહાસ: (શિરીષને) ના, ના, ત્હમે અહિં જ બેસો. મ્હને એકલું અહિં નહિ ગમે.

(મીનળને) ત્હમે એમ ધારો છો કે સીમન્ત ન કર્યું એથી ક્રિરિટને આમ થયું હશે એમ ?

મીનળ: એમાં વળી ધારવાનું શું હોય ? આપણાં શાસ્ત્રો જ એમ કહે છે અને એથી જ હું કાલની શિરીષ. ભાઇને કહ્યાં કરૂં છું કે ક્રિરિટને જનોઇ આપવું પણ એ એકના બે નથી થતા.

સુહાસ: અને જનોઇ ન આપીએ તો શું થાય ?

મીનળ: શું થાય તે તો કોણ જાણે ? અવું જ કાંઇ થતુ હશે. તે આપણા બાળક પર એના અખતરા થોડા થાય છે ?

(સુહાસ વિચારમાં પડે છે. થોડીવારે)

સુહાસ: હા, ખરી વાત છે; આપણા બાળક પર આપણાથી અખતરા તો ન જ થાય. કોણ જાણે અત્યાર લગી મ્હને આ કેમ સુઝયુ નહિ હોય. કદાચ ત્હમારી વાત ખરી હશે (શિરીષને) હેં શિરીષ, એ કદાચ સાચું હશે કે સીમન્ત ન કર્યું તેથી ક્રિરિટને આવું થયુ ?

શિરીષ: ખરે તું કાંઈ ગાંડી થઈ છે ? એમ ક્રિયા ન કર્યે માણુસનું નસીબ નક્કી થઇ જાય તો થઇ જ રહ્યું ને !

સુહાસ: ના, એ નજરે કેં એક ક્રિયાની વાત થોડી છે ? આપણા ઘરમાં જે વિચારો થાય તે બધાની જ અસર થાય ને ! આપણે સાવ નાસ્તિક થઇ ગયા એટલે આમ થાય પણ ખરૂં.

મીનળ: હું પણ એ જ કહ્યા કરૂં છું.

શિરીષ: સુહાસ, તું એ બધા વ્હેમ પાળીશ તે મ્હને જરા નહિ, પાલવે. મ્હારા સિદ્ધાંતો એથી ઉંચા જ છે.

સુહાસ: પણ શિરીષ, તું માતાની દૃષ્ટિએ કેમ નથી જોતો ? બાળકને તે જન્મ આપ્યો હોત તો પણ શું તું આવું જ કહેત ? એ બધા સિદ્ધાંતોને ત્હારા બાળક પરથી ઓવારી ફેંકી દેવાનું મન ત્હને નથી થતું ?

શિરીષ: પણ એવા મનના વ્હેમ ખાતર મ્હારા જીવનના સિદ્ધાંતો હું કેમ કરી છોડી દઉં ?

સુહાસ: શિરીષ, આપણે નક્કી કેમ કહી શકીએ કે એ બધા વ્હેમ છે ? કદાચ આપણે એક નવા વહેમને વશ થયા છિયે એમ પણ હોય.

શિરિષ: સુહાસ, ત્હને તો બાભીનો ચેપ લાગ્યો છે. હું તો એ જુના વહેમમાં કદી નહિ માનું.

(સુહાસ શિરીષ સામું જોઇ રહે છે.)

સુહાસ: અરે હા, પણ ધાર કે એ બધા વહેમ છે. તેથી શું થયું ? વહેમ પાળવામાં આપણું શું જાય છે ?

શિરિષ: પણ આપણાથી એવા જૂના વહેમ પળાય ?

સુહાસ: હું એમ પૂછું છું શિરીષ, કે કોઇ ગામડિયા વૈદની ધુળની ચપટીથી રોગ મટતો હોય તે તુ નહિ મટાડે-કારણ કે તે ગામડિયો છે ? અને વહેમ પાળવામાં હાની થોડી થવાની છે !

શિરીષ: સુહાસ, તું જ વિચાર કરને આપણે એવું એવું કરતાં થઇયે તો પંડયાને ત્યાંના બધા શું કહે ? મ્હને તો એ નથી ગમતું.

સુહાસ: તે પંડયાને ત્યાંના લોકો તો મ્હારા કિરિટની મશ્કરીઓ પણ કરે છે.

૨૫ (૧૦૦-૧૨)

(બધાં કિરિટ સામું જોઇ રહે છે. કિરિટ તેથી ક્ષોભ પામી ગભરાય છે; ને હેનું મ્હોં વધારે ફીક્કું પડી જાય છે. સુહાસ ઉભો થઇ હેની પાસે જાય છે.)

મીનળ: ત્યારે હમે કિરિટને જનોઇ આપશો ને ?

સુહાસ: હા, મીનળબ્હેન, આપણે જરુર કિરિટને જનોઈ આપશું.

મીનળ: કેવું સારૂ થયું ?

(મીનળ ઉભી થાય છે ને કિરિટ પાંસે જાય છે. તે રડતો નથી ને જરાક હસતો હોય તેમ ઉભો રહે છે.

સુહાસ: શિરીષ, શિરીષ, જોયું ? કિરિટ હસે છે.

નવનીત: (થોડીવારે) શિરીષ, આ બધાં મનનાં ભૂત છે, નહિ ?

[પડદો પડે છે.]

છપાવી પ્રસિદ્ધ કરનાર:-**રતિલાલ નાનાભાઇ વશા.**
ગોપીપુરા લલ્લુજી મહારાજના મંદિર પાસે-સુરત
પાના ૭૩ થી ૧૦૦-૧૨ સુધી છાપનાર:-
ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી "અનાવિલ બંધુ" પ્રીં. પ્રેસ બરાનપુરી
ભાગળ, બાજીવાળી પોળ-સુરત